# અરવલ્લીમાં શિક્ષણજગતને શર્મસાર કરતો કિસ્સો

સરકારના ''બેટી બચાવો બેટી પઢાવો''ના સૂત્રો વચ્ચે શાળાઓમાં લંપટ શિક્ષકો દ્વારા થતી વિદ્યાર્થીનીઓની છેડતીની ઘટનાઓ સતત બનતી રહેતા રાજયના અનેક તાલુકા અને જિલ્લાઓમાંથી શિક્ષણને જગતને શર્મસાર કરતી ઘટનાઓ ઘણી વખત સામે આવતી હોય છે. કોઈ વખત સ્કૂલમાં દારૂ પીવાની ઘટના પાઠ ભણવાનું ભૂલીને વરુ બની ધોરણ-૮ની વિદ્યાર્થિનીની છેડતી કરતા હોબાળો મચી ગયો હતો.

કુડોલ પ્રાથમિક શાળાના હવસખોર આચાર્ય કિરીટ આર. જગતના લીરેલીરા ઉડાવી દેતી ઘટનાના પગલે ગ્રામજનોએ હોબાળો મચાવી આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી

''બેટી પઢાવો પછી પહેલા બેટી બચાવો''ના નારા ગુંજે તો નવાઈ નહિ. રાજયમાં શિક્ષણનું સ્તર દિવસેને દિવસે નીચું જઈ રહ્યું છે. રાજયમાં દિનપ્રતિદિન લંપટ શિક્ષકોની સંખ્યા વધતી જાય છે. તો, ક્યારેક સ્કૂલમાં છેડતી થતી હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે આવી જ એક ઘટના અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના કુડોલ ગામે સામે આવી છે. શાળાના આચાર્યએ શિક્ષણના પટેલે ધોરણ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને ઓફિસમાં બોલાવી અડપલાં કરી છેડતી કરતા વિદ્યાર્થિનીને ઘરે પહોંચી પરિવારજનોને જાણ કરતા શાળાએ દોડી ગયા હતા. શિક્ષકે શિક્ષણ

કુડોલ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા કિરીટ રમણભાઈ પટેલ નામના લંપટને મનમાં વાસનાનો કીડો સળવળતા ત્રણ દિવસ અગાઉ ધો-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને તેની ઓફિસમાં કામ છે કહી ત્રણ-ચાર વિદ્યાર્થીનીઓને બોલાવી એક વિદ્યાર્થિનીને ઓફિસમાં ઉભી રાખી અન્ય છોકરીઓને ઓફિસની બહાર નીકળી જવાનું જણાવી વિદ્યાર્થિનીને અડપલાં કરી વિદ્યાર્થીની પાસે બિભસ્ત માંગણી કરતા વિદ્યાર્થીની કામાન્ધ બનેલા વરૂ જેવા ગુરૂનું રૂપ જોઈ ગભરાઈ ગઈ રૂમની બહાર નીકળી ગઈ હતી. આચાર્યની છેડતીનો ભોગ બનેલ વિદ્યાર્થીની ડઘાઈ ગઈ હતી અને શાળાની શિક્ષિકાને પણ સમગ્ર ઘટનાની જાણ કરી હતી. વિદ્યાર્થિનીએ પરિવારજનોને આચાર્યે તેની સાથે કરેલી હરકતની જાણ કરતા પરિવારજનો અને ગ્રામજનોમાં ભારે રોષ છવાયો હતો અને શાળાએ પહોંચી હોબાળો મચાવી લંપટ આચાર્યને જેલના સળિયા પાછળ ધકેલી દઈ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવેની માંગ કરી હતી. આચાર્ય તેના કાળા કરતૂતનો પર્દાફાશ થતા ઓફિસમાં ટેબલ નીચે છુપાઈ ગયો હતો. જીલ્લા પ્રાથિમિક શિક્ષણાધિકારી અને તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું હતું.

## પાલનપુર હાઇવે પરથી તેલનો જથ્થો ઝડપાયો

પાલનપુર એરોમાં સર્કલ પરથી તેલનો જથ્થો ઝડપાયો હતો. જી.એસ.ટી. ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા કરાયેલી કાર્યવાહીને પગલે બિલ વગરના માલ ની હેરાફેરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. સરહદી બનાસકાંઠા જિલ્લામાં ટેક્ષ ચોરી માટે બિલ વગરના માલની મોટાપાયે હેરફેર થતી હોવાની બુમરાણ વચ્ચે પાલનપુર હાઈવે એરોમા સર્કલ પાસેથી જી.એસ.ટી.ની ફ્લાઈંગ સ્કવોડ દ્વારા તેલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. ઓટો રીક્ષામાં બિલ વગરના માલનો તેલનો જથ્થો જતો હતો. જે અંગેની બાતમીના આધારે સ્કવોડ દ્વારા તેલનો ૫૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વિજયનગરના નવાભગા ગામમાં કડક દારૂબંધી

## ગ્રામજનોએ ગામમાં દારૂ વેચવા અને પીવા માટે મનાઈ ફરમાવી કોઈપણ વ્યક્તિ પકડાશે તો પોલીસ હવાલે કરવાનો નિર્ણય

હિંમતનગર, તા. ૨૯

ગુજરાતમાં આજે દારૂ જ્યા અને જ્યારે માંગો ત્યારે મળી રહે છે તેમ છતાં સરકાર અને પોલીસતંત્ર આ બદીને દુર કરવામાં સદંતર નિષ્ફળ નીવડી છે ત્યારે તાજેતરમાં વિજયનગર તાલુકાના નવાભગા ગામના ગ્રામજનોએ સામુહિક મીટીંગ બોલાવીને ગામમાં સ્વેચ્છાએ દારૂબંધીનો કડક અમલ કરવાનો નિર્ણય કર્યો છે. નવાભગા ગામની આ પહેલું ગુજરાતના અન્ય ગામો અનુકરણ કરે તો ગાંધીજીએ કલ્પેલા ગુજરાતની કલ્પના સાકાર થઈ શકે છે તેમ છે બાકી તો નેતાઓ અને પોલીસતંત્ર દારૂબંધીની વાતો કરીને સંતોષ માને છે.

સાબરકાંઠા જિલ્લો એ ગુજરાત અને રાજસ્થાનની સરહદને અડીને આવેલો હોવાથી બુટલેગરો તથા સ્થાનિકો પોલીસતંત્રની પરવા કર્યા વિના રાજસ્થાનમાંથી રોકટોક વગર દારૂ લાવીને પીવે છે અને વેચે પણ છે. જો કે પોલીસતંત્ર કે સરકાર આ બદીને દુર કરી શકતી નથી તે નિર્વિવાદ છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના નવાભગા ગામના ગ્રામજનોએ અનોખી પહેલ કરીને દારૂબંધીના કડક અમલ શરૂ કર્યો છે જે મુજબ ગત તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ ગ્રામજનોએ મીટીંગ બોલાવી હતી.

આ મિટીંગમાં એવી ચર્ચા કરાઈ હતી કે છેલ્લા કેટલાક સમયથી ગામનું યુવાધન દારૂના રૂવાડે ચઢ્યુ હોવાને કારણે નાની ઉંમરમાં તેઓ મોતને શરણ થાય છે તથા દારૂની લત હોવાને કારણે યુવાનોને નોકરી ધંધો મળતો નથી તથા નાની ઉંમરમાં લગ્ન થતા હોવાથી બિચારી પુત્રવધુઓ ભરજવાનીમાં વિધવા બને છે. જેના લીધે આ પુત્રવધુઓ સારૂ જીવન જીવી શકતી નથી. જેથી ગ્રામજનોએ સહિયારો નિર્ણય કરીને ગામમાં સ્વયંભુ દારૂબંધીનો કડક અમલ કરવાનું નક્કી કર્યું છે.

જેથી હવે નવાભગા ગામનો કોઈપણ વ્યક્તિ દારૂ વેચતા કે પીતા પકડાશે તો તેને પોલીસના હવાલે કરવામાં આવશે અને પોલીસને પણ તેની વિરૂદ્ધ કાર્યવાહી કરવાની ફરજ પડાશે. ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા સહિત ગુજરાતના અન્ય સ્થળે દારૂની બદી એટલી હદે વકરી છે કે તેને અટકાવવી ખુબ જ મુશ્કેલ છે ત્યારે જો સાબરકાંઠા સહિત ગુજરાતના અન્ય ગામો વિજયનગર તાલુકાના નવાભગા ગામના સરાહનીય નિર્ણયને આવકારી જે પહેલ કરી છે તેનુ અનુકરણ અન્ય ગામો કરે તો ખરેખર ગુજરાત ગોકુળીયું બની જશે બાકી તો સરકાર અને પોલીસતંત્રની જેવી મરજી.

## ડીસામાં પોલીસ જવાનોને 'સ્ટ્રેસ મેનેજમેન્ટ'ની ટિપ્સ

ડીસા, તા. ૨૯

ડીસા ખાતે લાયન્સ ક્લબ ઓફ ડીસા અને ડીસા પોલીસના સંયુક્ત ઉપક્રમે પોલીસ સ્ટાફના આરોગ્યની ચકાસણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડીસા પોલીસ વતી લાયન્સ ક્લબ, પોલીસના અધિકારીઓ તેમજ ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફનું શાબ્દિક સ્વાગત પરેડ ઓફિસર પંડ્યાએ કર્યું હતું. ત્યારબાદ ડીસાના જાણીતા ફિઝિશિયન ડોક્ટર જીતેન્દ્રભાઈ નાગર દ્વારા સ્વાસ્થ્યની જાળવણી અંગે ખૂબ જ મહત્વની ટિપ્સ અને માર્ગદર્શન આપવામાં આવેલ. સતત કાર્યભારણ અને જવાબદારી વચ્ચે માનસિક તાણ સાથે સામાજીક સુરક્ષાની ફરજ નિભાવી રહેલા પોલીસ સ્ટાફને કેવી રીતે હળવા રહેવું તથા સમતોલ આહાર, દિનચર્યા, શારીરિક કસરત અને સ્ટ્રેસ મેનેજમેન્ટ અંગે ખૂબ જ ઊંડાણથી તલસ્પર્શી માહિતી આપી.

## બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી પદે બાહોશ ડૉ. મનીષ ફેન્સીના આગમન બાદ જિલ્લામાં આરોગ્ય સેવાનું સ્તર સુધર્યું છે. ત્યારે જિલ્લામાં કાર્યરત ૧૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૨૭ સામુહિક આરોગ્ય કેન્દ્ર પૈકી પાલનપુર તાલુકાનું ચિત્રાસણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભારત સરકારના 'નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ'માં પ્રથમ નંબરે રહી કાયાકલ્પ એવોર્ડ મેળવ્યો છે. તેથી ગત ૨૯ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર આરોગ્ય કમિશ્નરની કચેરી ખાતે અધિક જિલ્લા આરોગ્ય અધિકારી અને ઈન્ચાર્જ ડિસ્ટ્રીક્ટ ક્વોલિટી મેડિકલ ઓફિસર ડૉ. જીગ્નેશ એચ. હરિયાણીને અધિક નિયામક ડૉ. નીલમ પટેલના વરદ હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેથી આરોગ્ય ક્ષેત્રે પણ જિલ્લાનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકયું છે. ડૉ. જીગ્નેશ હરિયાણીએ આ ગૌરવ રૂપ સિદ્ધિ જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયા અને જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના સતત માર્ગદર્શનના કારણે મળી હોવાનો નિખાલસ મને એકરાર કરી સહયોગી તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો.

## ધનસુરા સેવા સહકારી મંડળીમાં ચેરમેનની બિનહરીફ વરણી

ધનસુરા, તા. ૨૯

ધનસુરા સેવા સહકારી મંડળીમાં ભરતભાઈ નારણભાઈ પટેલની ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

ધનસુરા સેવા સહકારી મંડળીની ગત ટર્મના ચેરમેનની અઢી વર્ષની મુદત પૂર્ણ થતા અઢી વર્ષ માટે ગોવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં સેવા સહકારી મંડળીના સભ્યોની મિટીંગમાં સર્વાનુમતે ચેરમેન તરીકે ભરતભાઈ નારણભાઈ પટેલની બિનહરીફ વરણી કરવામાંઆવી હતી.

## ફ્રી ચેક-અપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

હાઈટેક હોસ્પિટલના ડેન્ટલ વિભાગ દ્વારા માર્ચ અને એપ્રિલ મહિનાના દર બીજા અને ચોથા શનિવારે દાંતનુ ફ્રી ચેકઅપ કરી આપવામાં આવશે. તેનો લાભ લેવા નગરજનોને હોસ્પિટલ દ્વારા અનુરોધ કરાયો છે.

દર વર્ષે જતો પેથાપુરથી ભાવનગર રાજપરા ખોડીયાર મંદિર પગપાળા સંઘ તા. ૨૯ ફેબ્રુઆરીના રોજ સે-૫ સ્થિત ખોડીયાર મંદિર ખાતે આવ્યો હતો. આ સંઘ સાથે માતાજીના રથનું સ્વાગત સે-૫ વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પોશીના તાલુકામાં બોગસ ડોક્ટરને ત્યાં રેડ

પોશીના તાલુકામાં ડિગ્રી વગરના ડોક્ટરોની હાટડીઓ ધમધમી રહી છે. ત્યારે શનિવારના રોજ બોગસ ડિગ્રી ડૉક્ટરને ત્યાં મેડિકલ ઓફિસરે રેડ કરી હતી. પોશીના તાલુકાના કોટડા ગઢી ખાતે રાજુભાઈ લૌર નામનો ઈસમ ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરતો હોય લોકોની એલોપેથી સારવાર આપતો હોવાની બુમો ઉઠતા લંબાડીયા પી.એચ.સી. મેડિકલ ઓફિસર ડો. હિરેન યાદવે ટીમ સાથે શનિવારના રોજ રેડ કરતા રાજુ લૌર ભાગી જતા મેડિકલ ઓફિસરે દવાખાનું સીલ મારી ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# એસબીઆઈ કાર્ડ્સ એન્ડ પેમેન્ટ સર્વિસીસ લિમિટેડનો આઈપીઓ આવતીકાલે ખુલશે

એસબીઆઈ કાર્ડ્સ એન્ડ પેમેન્ટ સર્વિસીસ લિમિટેડ (''ધ કંપની'', ''એસબીઆઈ કાર્ડ'' કે ''ઈશ્યૂઅર'')એ ૨ માર્ચ, ૨૦૨૦નાં રોજ ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં દરેક ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')ની ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે અને દરેક ઈક્વિટી શેરની પ્રાઈઝ બેન્ડ રૂ. ૭૫૦થી રૂ. ૭૫૫ છે (જેમાં શેરનું પ્રીમિયમ સામેલ છે). આ આઈપીઓમાં રૂ. ૫,૦૦૦ મિલિયન ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેશ ઈશ્યૂ'') અને ૧૩૦,૫૨૬,૭૯૮ ઈક્વિટી શેર (''ધ ઓફર્ડ શેર'')ના વેચાણની ઓફર સામેલ છે, જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (''એસબીઆઈ'') (''પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર'') દ્વારા ૩૭,૨૯૩,૩૭૧ ઈક્વિટી શેર અને સીએ રોવર હોલ્ડિંગ્સ (''સીએ રોવર'') (''ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર'' અને તથા સંયુક્તપણે પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર, ''સેલિંગ શેરહોલ્ડર'' અને આ પ્રકારની ઓફરને ''ઓફર ફોર સેલ'' કહેવાય છે તેમજ સંયુક્તપણે ફ્રેશ ઈશ્યૂ, ધ ઓફર)નાં ૯૩,૨૩૩,૪૨૭ ઈક્વિટી શેર સામેલ છે.

બિડ લઘુતમ ૧૯ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૧૯ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. બિડ/ઓફર ૫ માર્ચ, ૨૦૨૦નાં રોજ બંધ થશે.

ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (અહીં હવે પછી પરિભાષિત કરવામાં આવ્યા છે) (ધ એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન) દ્વારા સબસ્ક્રિપ્શન માટે ૧,૮૬૪,૬૬૯ ઈક્વિટી શેરનું રિઝર્વેશન તથા એસબીઆઈ શેરહોલ્ડર્સ (અહીં હવે પછી પરિભાષિત કરવામાં આવ્યાં છે) (''ધ એસબીઆઈ શેરહોલ્ડર રિઝર્વેશન પોર્શન'') દ્વારા એસબીઆઈ દ્વારા સબસ્ક્રિપ્શન માટે ૧૩,૦૫૨,૬૮૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૦નાં રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (''આરએચપી'')માં સૂચિત નિયમો અને શરતોને સુસંગત રીતે લાયકાત ધરાવતા કર્મચારીઓને ઈક્વિટી શેરદીઠ એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ રૂ. ૬૭૫ આપવામાં આવશે.

## સુધારા સાથે બજેટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાઉન્સીલરોની સમિતિ બનાવી તે અંગે સમીક્ષા કરી તેને લોકો સમક્ષ મુકવી જોઈએ. ભાજપના કાર્તિક પટેલે જણાવ્યુ હતુ કે સભ્યોની જાગૃતિ હોય તો બધા કામ થાય જ છે. ભાજપના મહિલા કાઉન્સીલર પાર્વતીબેન ધીરૂભાઈ ડોડિયાની રજુઆતને ધ્યાને લેવા તંત્ર ગંભીર બની જોગવાઈ કરે તેવી માંગ કરી હતી. કોંગીના રાકેશ પટેલે નવા સેક્ટરોમાં વાંચનાલય બનાવવા, દિવ્યાંગો માટે બજેટમાં ખાસ જોગવાઈ કરવાની પણ વાત કરી હતી.

કોંગીના અંકિત બારોટે તેમના વોર્ડમાં માર્ગની સુધારણા નહિ થતી હોવાનો રોષ ઠાલવતાં તંત્ર અન્યાય કરી રહ્યાની વાત કરી હતી. કોંગીના જયરાજસિંહ પરમારે પણ સભ્યોને ફાળવવામાં આવતી ગ્રાન્ટના કામો સમયસર હાથ ધરવામાં આવે તેવી માંગ કરી હતી. આજની બજેટ પરની ચર્ચાઓ દરમ્યાન પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલ ક્યારેક બચાવમાં તો ક્યારેક તંત્રની ઉદાસીનતા સામે રોષ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. આ પહેલાં વિપક્ષી નેતા અને સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ સંયુક્ત રીતે બજેટ મેયર રીટાબેન પટેલને સુપ્રત કર્યુહતુ. તે પછી ચાવડાએ બજેટની મહત્વની જોગવાઈઓની જાણકારી આપતુ નિવેદન રજુ કર્યુ હતુ. સભાના અંતમાં સર્વાનુમતે બજેટ પસાર થયેલુ જાહેર કરાયુ હતુ.

## કફોડી હાલતમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પછી મનુભાઈ પટેલે ઉભા થઈ જણાવ્યુ હતુ કે મેયરના બંગલાની વાત ખબર નથી પણ કમિશ્નરના બંગલાની વાત ધ્યાને આવી છે. હું તો એવુ કહુ છુ કે જો કમિશ્નર રહેતા ના હોય તો બજેટમાં તે અંગે કરાયેલી જોગવાઈ પણ રદ કરી દો અને બંગલો પરત આપી દેવો જોઈએ. કોંગીના ચીમન વિંઝુડાએ બજેટમાં વારંવારની જોગવાઈઓ પછી પણ વર્ષાન્તે અમલવારીમાં શૂન્ય પરિણામ મળે છે આ યોગ્ય નથી ના હોય તો બજેટ નામંજૂર કરીએ. તેમણે બજેટની જોગવાઈઓના પરિણામોની સમીક્ષા માટે સર્વપક્ષીય સમિતિ બનાવવી જોઈએ.

કોંગીના જયરાજસિંહ પરમારે ત્રણ વર્ષમાં આંતરિક સફાઈના છ ટેન્ડર રદ થયા છે તો પ્રજા પાસેથી ઉઘરાવેલા વેરાના નાણાં પરત કરવા જોઈએ. તેમણે કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી કરવાના થતા કામો અંગે પણ ટેન્ડર પ્રક્રિયાઓ ક્યારે થશે તે ભગવાન જાણે ? તેમણે ટેન્ડર પ્રક્રિયાને વેગીલી બનાવવા પર ભાર મુક્યો હતો. કોંગીના પિન્કીબેન પટેલે સફાઈનું એક માત્ર કામ હોવા છતાંય આપણે તે બરાબર કરી શકતા નથી.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ તંત્રની ઉદાસીનતા સામે આજની બેઠકમાં સારો એવો રોષ ઠાલવી અને તંત્રને આરોપીના પિંજરામાં ઉભુ કરી દીધુ હતુ. કોંગીના રાકેશ પટેલે એવી રજુઆત કરી હતી કે એક જ કર્મચારી વર્ગ છે જે સ્માર્ટસીટીમાં ટેન્ડર મુકે તો મંજૂર થાય અને સ્થાયી સમિતિમાં નામંજૂર થાય આ કંઈ સમજ પડતી નથી. ભાજપના ધીરૂભાઈ ડોડિયાએ એવો આક્ષેપ કર્યો હતો કે સ્લમ એરિયામાં જો કામો નહિ થાય તો સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં ગાંધીનગર પાછળ રહી જશે. શહેરની આંતરિક સફાઈના મુદ્દે આજે વિપક્ષે આક્રમક તેવર દાખવ્યા હતા. જો કે ભાજપે પણ તેમાં સાથ પુરાવતા તંત્ર માટે આજે દસ વર્ષમાં પહેલીવાર તંત્રની ઉદાસીનતા સામે પેટ ભરીને રોષ સૌએ વ્યક્ત કર્યો હતો.

## વિલંબ કર્યો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● **કાર્તિક પટેલે અને પિન્કીબેન વચ્ચે પણ શાબ્દીક ટપાટપી**

ભાજપના કાઉન્સીલર કાર્તિક પટેલ અને કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલ વચ્ચે પણ કામોને લઈ થોડીક શાબ્દીક ટપાટપી હળવા શબ્દોમાં થઈ હતી. પિન્કીબેને કહ્યુ કે સફાઈની એક સેવા મનપા પાસે છે પણ તે પુરી રીતે કરી શકતા નથી.

● **સરકારી શાળાઓ મનપા દત્તક લઈ શિક્ષણ સુધારવામાં જોડાય**

કોંગીના રાકેશ પટેલે બજેટ પરની ચર્ચા દરમ્યાન શહેરની સરકારી શાળાઓને દત્તક લઈ તેની સફાઈની કામગીરી તેમજ ગુણવત્તાસભર શિક્ષણ બાળકોને મળે તે માટે મનપાએ પહેલ કરવી જોઈએ. તેમણે બજેટમાં દિવ્યાંગો માટે પણ વિશેષ જોગવાઈ કરી વિકાસ કામગીરીમાં જોતરવા જોઈએ તેવો આગ્રહ કર્યો હતો.વેરા વસુલાત વધે તે માટે વ્યાજની જોગવાઈમાં પણ દસેક દિવસ જેવી છુટછાટ આપવાની હિમાયત રાકેશ પટેલે કરી જણાવ્યુ હતુ કે શહેરમાં મધ્યમ વર્ગની વસ્તીને આથી રાહત મળશે.

## કલર કરાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અટકાવવા માટે પણ યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નવા સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલાની વર્ષોથી જાળવણી ન થતા કટાયેલા અને કંગાળ પોલને કલર કરવામાં આવે ઉપરાંત ખુલ્લા અને જોખમી થાંભલાને પણ દુર કરી નવા પોલ ફીટ કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે. સુત્રોના જણાંવ્યા મુજબ તંત્ર દ્વારા તબક્કાવાર જોખમી થાંભલા બદલી નાંખવામાં આવશે.

## તાહિર હુસેન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હથિયારોના મામલામાં પણ તપાસ થઈ રહી છે. તપાસમાં કેટલીક વિગતો ખુલી છે પરંતુ અધિકારીઓ વિગત આપવા માટે ઈચ્છુક નથી. તેમના કહેવા મુજબ કોઈપણ બાબત હાલ જાહેર કરવી યોગ્ય રહેશે નહીં. સેમ્પલોમાં ચકાસણી ચાલી રહી છે. અંકિતનો મૃતદેહ જે વિસ્તારમાં મળ્યો હતો ત્યાં તપાસ ચાલી રહી છે. સીસીટીવી કેમેરામાં પણ તપાસ ચાલી રહી છે. સક્રિય રહેલા મોબાઈલ ફોનના ડેટાની ચકાસણી પણ ચાલી રહી છે.

## સ્થિતિમાં સુધારો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુજબ પરિસ્થિતિ હાલમાં ઉત્તર-પૂર્વીય દિલ્હીના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં લેવાય તેવી રહેલી નથી. દિલ્હી સરકારે ઉશ્કેરણીજનક ભાષણોના સંદર્ભમાં રિપોર્ટ કરવા એક વોટ્સએપ નંબર પણ જારી કર્યો છે. લોકો ઈન્સટન્ટ મેસેજિંગ એપ ઉપર સરક્યુલર કરવામાં આવેલા ઉશ્કેરણીજનક મેસેજો અંગે ફરિયાદ કરી શકે છે. સરકાર દ્વારા આ પ્રકારના મેસેજોને ફોરવર્ડ નહીં કરવા માટે અપીલ કરાઈ છે. પોલીસનું કહેવું છે કે આના લીધે સ્થિતિ વણસી શકે છે. સોશિયલ મીડિયા ઉપર ખતરનાક અફવાઓનો દોર ચાલી રહ્યો છે. ફ્લેગમાર્ચનો દોર જારી છે. રમખાણોમાં સામેલ થયેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

## રામમંદિર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહી છે. કયા તબક્કાને પૂર્ણ કરવામાં કેટલો સમય લાગશે તેને લઈને પણ મૌખિક મૂલ્યાંકનની કામગીરી ચાલી રહી છે. ત્યારબાદ ટેકનિકલ લોકો તેનું યોગ્ય મૂલ્યાંકન કરશે. ત્યારબાદ નક્કી કરવામાં આવશે કે મૌલિક કામ કરવા માટે પૂજા ક્યારે શરૂ કરવામાં આવે. રામનવમીથી રામ મંદિર નિર્માણનું કામ શરૂ થઈ શકે છે. ચંપતરાયે કહ્યું છે કે હાલમા હોમવર્કનું કામ ચાલી રહ્યું છે. સુપ્રિમ કોર્ટનો ચુકાદો મંદિર નિર્માણની તરફેણમાં આવી ગયા બાદ દેશના લોકોમાં ઉત્સાહ દેખાઈ રહ્યો છે. ચંપતરાયે કહ્યું છે કે હાલમાં સ્ટેપ નક્કી કરવામાં આવી રહ્યા છે.

## પ્રાથમિકતા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળે તેમજ ન્યાય તોળાય તે સરકારની જવાબદારી છે અને આ જ તેમની સરકારનો 'સબકા સાથ, સબકા વિકાસ તેમજ સબકા વિશ્વાસ'નો પાયો છે. વડાપ્રધાને દિવ્યાંગોને કહ્યું કે, પહેલાં બેક્રમાં તમારા ૧૦ લાખ રૂપિયા હોય અને બેક નાદાર થાય તો તમને એક લાખથી વધારે રૂપિયા નહતા મળતા પરંતુ હવે અમે નિયમ બદલીને વળતરની રકમ એક લાખથી વધારીને ૫ લાખ કરી દીધી છે. અમે લોકોના પૈસા સુરક્ષીત કરવાનું કામ કર્યું છે. તેના કારણે લોકોનો બેક પ્રતિ વિશ્વાસ વધ્યો છે. ૬૦ વર્ષની ઉંમર પછી વૃદ્ધોને એક ચોક્કસ રકમ પર ચોક્કસ વ્યાજ આપવામાં આવે છે. તેમના રોકાણ પણ અમે સુરક્ષીત કર્યા છે.

## ૭ વિકેટે જીત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને એક છગ્ગાની મદદથી ૪૭ રન કર્યા હતા. ભારતીય ટીમ પહેલાથી જ ગ્રુપમાં ટોપ ઉપર રહી છે. ભારતે લીગ તબક્કામાં પોતાની ચારેય મેચો જીતી છે. આ રીતે ભારતીય ટીમ ૮ પોઈન્ટ ધરાવે છે. હવે તે મજબૂત નૈતિક જુસ્સા સાથે સેમીફાઈનલમાં ઉતરશે. શ્રીલંકાની સતત ત્રીજી હાર થઈ હતી. ભારત સામે જીતવા માટે નજીવો લક્ષ્યાંક હતો. શેફાલી અને સ્મૃતિએ આક્રમક શરૂઆત કરી હતી. બંનેએ પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૩૪ રન ઉમેરી દીધા હતા. મંધાના મિડોન પર કેચ આપી દીધા બાદ કેપ્ટન હરમન પ્રિતકૌર મેદાનમાં ઉતરી હતી. કૌરે ૧૪ બોલમાં ૧૫ ૨ ફટકાર્યા હતા. ત્યારબાદ તે આઉટ થઈ ગઈ હતી. જોકે શેફાલી ઉપર તમામની નજર કેન્દ્રિત રહી હતી. તે ટુર્નામેન્ટમાં પ્રથમ અડધી સદી તરફ વધી રહી હતી.

## દાવપેચ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે આ ઘટનાના સમયે તે સગીર હતો. આ મામલામાં તેની રિવ્યૂ અરજી પહેલાથી જ ફગાવી દેવામાં આવી છે. જસ્ટીસ એન.વી. રમન્ના, જસ્ટીસ અરૂણ મિશ્રા, જસ્ટીસ રોહિંગ્ટન, જસ્ટીસ આર.ભાનુમતિ અને જસ્ટીસ અશોક ભૂષણની બેચે સુનાવણી કરી છે. ક્યુરેટીવ અરજી પર સુનાવણી બંધ રૂમમાં થાય છે. અરજીમાં મેરિટ છે કે કેમ તેને લઈને હજુ સુધી ધ્યાન આપવામાં આવે છે.